દિવ્ય ભાસ્કર અમદાવાદ ફ્રન્ટ પેજ, તા. ૦૫.૦૨.૨૦૨૪

### હબમાં બનાવવામાં આવેલા ફૂટ ઓવરબ્રિજને લીધે કોઈ પણ પરિવહન સેવા માટે બહાર નીકળવું નહીં પડે

# મલ્ટિ મોડલ હબને લીધે બુલેટ ટ્રેન, ધર્મનગર-જેલ રોડ રેલવે સ્ટેશન, BRTS, મેટ્રોમાં જવા 3થી 5 કિમી ફરવું પડશે નહીં







## ▪ધર્મનગરથી જેલ રોડ સ્ટેશને જવા હાલ ચીમનભાઈ બ્રિજ પસાર કરવો પડે છે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

બુલેટ ટ્રેન પ્રોજેક્ટના ભાગરૂપે કાલુપુર અને સાબરમતી ખાતે સ્ટેશન તૈયાર થઈ રહ્યા છે. સાબરમતી ખાતે નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન મલ્ટિ મોડલ ટ્રાન્સપોર્ટ હબ તૈયાર કરી રહ્યું છે. અહીંથી લોકો બુલેટ ટ્રેન સ્ટેશનની સાથે ધર્મનગર અને જેલ રોડ સ્ટેશન તેમજ મેટ્રો અને બીઆરટીએસ સ્ટેન્ડ સુધી સરળતાથી જઈ શકશે. મલ્ટિ મોડલ હબમાંથી બહાર નીકળ્યા વગર કનેક્ટિવિટી મળતી હોવાથી ત્રણથી પાંચ કિલોમીટર ફરવું પડશે નહીં. આ હબ દાંડીકૂચના સત્યાગ્રહની થીમ પર તૈયાર કરાઈ રહ્યું છે. હબના બિલ્ડિંગના ત્રીજા માળે આવેલા કોન્કોર એરિયામાં વેઈટિંગ લોન્જ, રિટેલ સ્ટોર અને રેસ્ટોરાં હશે. તેની ઉપરના બિલ્ડિંગમાં બે બ્લોક બનશે. બી બ્લોકમાં ચાર માળ સુધી રૂમ, બેન્કવેટ હોલ, કોન્ફરન્સ રૂમ અને સ્વિમિંગ પૂલ જેવી સુવિધા મળી રહેશે. હબમાં 1300 વાહનના પાર્કિંગની ક્ષમતા છે.



### જમીનથી 44 મીટરની ઊંચાઈએ બુલેટ ટ્રેનનું સ્ટેશન બનશે

સાબરમતી સ્ટેશન બુલેટ ટ્રેનનું ટર્મિનલ સ્ટેશન છે. તે જમીનથી લગભગ 44 મીટરની ઊંચાઈએ તૈયાર થઈ રહ્યું છે અને કુલ 4 પ્લેટફોર્મ હશે. હાલ તેના ફાઉન્ડેશનની કામગીરી ચાલી રહી છે. અહીંથી એરપોર્ટ 9 કિલોમીટર અને મોદી સ્ટેડિયમ 6 કિમીએ આવેલું છે.